Bird No Entry

કબૂતરજાળી, સ્પાઈક ફિટિંગ માટે મળો
ફ્લેટ, ઓફિસ, હોસ્પિટલ તથા ફેક્ટરી માટે ઉપયોગી
Net & Fatting & Bird Net
Apurva Enterprise
JAYSUKHBHAI 94262 42105 93777 77090

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gty. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT).
27 FEBRUARY 2025, THURSDAY • Vol. No. 68 • PRICE ₹ 3.50 • ISSUE No. 243

Exchange Offer Rs. 4999/-
Glass Warranty 5 Years
Sunflame

PSC
PARMANAND STEEL CENTER
Opp. Khadi Bhandar, Ranjit Road, Jamnagar - 361001.
M. 94846 06565

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

બપોર સુધીમાં ગેરરીતિનો કોઈ કેસ નોંધાયો નથી

(તસ્વીરઃ નિર્મલ કારીયા, મુકેશ મોકરીયા)

પરીક્ષા કેન્દ્રો પર કલેક્ટરો સહિત મહાનુભાવોના હસ્તે કુમકુમ તિલક કરીને પરીક્ષાર્થીઓને આવકારાયાઃ ચૂસ્ત બંદોબસ્તઃ

હાલારમાં બોર્ડની પરીક્ષાઓનો શાંતિપૂર્ણ પ્રારંભઃ ૪૦ હજારથી વધુ પરીક્ષાર્થીઓ

જામનગર તા. ૨૭ઃ ધો. ૧૦ અને ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષાનો આજથી રાજ્યમાં પ્રારંભ થયો છે. હાલારના બન્ને જિલ્લામાં ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. આજે સવારે ધો. ૧૦ ના વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક કરી આવકારવામાં આવ્યા હતાં. તમામ સેન્ટરોમાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા ચાલી રહી છે અને બપોર સુધી ગેરરીતિનો કોઈ કેસ નોંધાયો નથી.

ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો આજથી રાજ્યભરમાં પ્રારંભ થયો છે. આજે સવારે ધો. ૧૦ ના પ્રથમ પેપરમાં જામનગરની સ્કૂલોમાં વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક કરી, મોઢામીઠા કરાવી પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જામનગર જિલ્લામાં ધો. ૧૦, ૧૨ ના કુલ ૨૭,૭૧૩ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજ તા. ૨૭ થી રાજ્યભરમાં ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થયો છે.

જામનગર જિલ્લામાં ધો. ૧૦ મા ૧૪,૨૩૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. તેમના માટે ૫૯ સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવી છે. જ્યારે ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ) માં ૮૬૧૮ વિદ્યાર્થીઓ અને ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માં ૧૭૩૮ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. તેમના માટે ૩૬ સેન્ટરોમાં વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત સંસ્કૃત પ્રથમાના ૭૧ અને સંસ્કૃત મધ્યમાના ૬૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે.

આજે સવારે ધો. ૧૦ ની પરીક્ષાના પ્રારંભમાં તમામ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને કપાળે કુમ કુમ તીલક કરવામાં આવ્યું હતું અને મોઢુ મીઠું કરાવી વર્ગખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરએ પણ વિદ્યાર્થીને મોઢા મીઠા કરાવી શુભેચ્છા આપી હતી.

તમામ વર્ગખંડમાં સીસી ટીવી કેમેરાની વ્યવસ્થા રાખવામાં આવી છે અને ચૂસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ પરીક્ષાનો પ્રારંભ થયો છે.

તેવી જ રીતે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ આજથી ધો. ૧૦-૧૨ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર એ.વી. પાંડોર, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણિયા, જિલ્લા શિક્ષણાધિકારી હર્ષવર્ધન જાડેજા, મામલતદાર વિક્રમ વરૂ સહિતનાઓ દ્વારા વિદ્યાર્થીને ચોકલેટ આપી મોઢા મીઠા કરાવી શુભેચ્છા પાઠવાઈ હતી.

પરીક્ષાર્થીઓ માટે કંટ્રોલરૂમ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવ્યું છે. તમામ સેન્ટરોમાં સીસી ટીવી અને પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા ગોઠવાઈ છે.

ધો. ૧૦ મા ૯૨૪૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. તેમના માટે ૮ કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવી છે. ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ) માં ૩૭૪૦ વિદ્યાર્થીઓ અને ૬ કેન્દ્ર તથા ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ૩૩૧ વિદ્યાર્થીઓ અને બે કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ કુલ ૧૩૬૩૧૭ વિદ્યાર્થીઓ અને ૧૩ કેન્દ્ર, ૫૬ બિલ્ડીંગ અને ૪૭૧ બ્લોકની વ્યવસ્થા કરાઈ છે.

ભાણવડ કેન્દ્રમાં પણ આજે સવારે ધો. ૧૦ ની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. પત્રકાર યુનિયન દ્વારા વિદ્યાર્થીઓને મોઢા મીઠા કરાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જેમાં ભાણવડ પત્રકાર મંડળના મારખીભાઈ વરૂ, કિશનભાઈ ગોજિયાના સહયોગથી વિદ્યાર્થીને આવકારવાનો કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્ર સંચાલક બીજેશ મહેતા, ધેલાણી કન્યા વિદ્યાલયના આચાર્ય પારૂલબેન ભટ્ટ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

જામનગરમાં આજે સવારે ધો. ૧૦ મા ગુજરાતી વિષયના પેપરમાં ૧૨,૮૯૯ વિદ્યાર્થી હાજર અને ૨૬૬ વિદ્યાર્થીઓ ગેરહાજર, હિન્દીના પેપરમાં તમામ ૬૬ વિદ્યાર્થીઓ હાજર અને અંગ્રેજીના વિષયમાં ૧૦૮૮ વિદ્યાર્થીઓ હાજર અને ૧૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા છે. હજુ સુધી કોઈ ગેરરીતિનો કેસ નોંધાયો નથી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુજરાતી વિષયના પેપરમાં આજે ૭૭૨૮ વિદ્યાર્થી હાજર અને ૧૬૬ વિદ્યાર્થી ગેરહાજર તથા અંગ્રેજી વિષયના પેપરમાં ૪૩૫ હાજર અને ૨ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા છે.

મહાકુંભ, મહાશિવરાત્રિ અને પરીક્ષાઓનો ત્રિવેણી સંગમ... પરીક્ષાર્થીઓને સુગમ અને સરળ પરિવહન પૂરૂ પાડો...

પ્રયાગરાજમાં મહાકુંભ સંપન્ન થયો, અને રેકોર્ડબ્રેક શ્રદ્ધાળુઓએ આ મહાકુંભમાં ત્રિવેણી સ્નાન કર્યું, તેના વિસ્તૃત આંકડાઓ આવી રહ્યા છે, અને દેશભરમાં ગઈકાલે મહાશિવરાત્રિ ધામધૂમથી ઉજવાઈ ગઈ. આજથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાઓનો પ્રારંભ પણ થયો છે. આ ત્રણેય ઘટનાક્રમોનો અદ્‌ભુત ત્રિવેણી સંગમ રચાયો છે, અને ગંગા-યમુનાના સ્મરણ સાથે માતા સરસ્વતીની આરાધના પણ થઈ રહી છે. આજે સમાપન પછી મહાકુંભમાં સ્નાન કરનારા ભાવિકો, કરાયેલી વ્યવસ્થાઓ તથા મહાકુંભના કારણે રોજગારી તથા વ્યાપાર, આર્થિક પ્રગતિ તથા સ્થાનિકોને થયેલા ફાયદાની વિગતો આંકડાઓ સાથે રજૂ થઈ રહી છે. મહાકુંભની સાથે સાથે હરિદ્વાર, કાશી, અયોધ્યા, ઉજ્જૈન સહિતના યાત્રાધામોમાં પણ બહોળી સંખ્યામાં યાત્રિકો પહોંચ્યા તેથી આ મહાકુંભ બહુહેતુક પૂરવાર થયો અને 'વસુધૈવ કુટુમ્બકમ્'નો આપણી સંસ્કૃતિના પ્રતીક સમો બની ગયો, ખરૂં કે નહીં?

ત્રિવેણી સંગમમાં સ્નાનની સાથે સાથે ગઈકાલે દેશભરમાં મહાશિવરાત્રિ પર્વે કરોડો લોકોએ મહાશિવરાત્રિ ઉજવી, તેથી આખો દેશ શિવમય થયેલો જોવા મળ્યો હતો.

પ્રયાગરાજ મહાકુંભ પછી ગુજરાતમાં હવે શિક્ષણનો પરીક્ષા કુંભ શરૂ થયો છે, અને આજથી બોર્ડની પરીક્ષાઓમાં કુલ ૧૪ લાખથી વધુ પરીક્ષાર્થીઓ પરીક્ષા

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

કંપનીના કામ માટે કમિશનથી ભાડે જોઈએ છે
ટ્રેઈલર ૪૦ ટન ફ્લેટ બેડ (૧૨/૨૪ ક્લાક)
ટ્રેઈલર ૫૦ ટન લો બેડ (૧૨ ક્લાક)
હાઈડ્રા (ક્રેના) ૧૪ ટન (૧૨ ક્લાક)
સંપર્ક : ૯૯૨૫૮૮૭૭૭૩

જામનગર શહેરમાં ઘરે ઘરે ફરીને ગેસના બીલ બનાવવા માટે
છોકરાઓ જોઈએ છે
અભ્યાસ : ૧૦ પાસ/ના પાસ • એન્ડ્રોઈડ મોબાઈલ તથા બાઈક જરૂરી
પગાર : કમીશન પર રહેશે (અંદાજીત ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦)
Mo. 84691 85474

ધૂમાડામાં ગુંગળાઈ જતા એકનુ મૃત્યુઃ ૪૦ ફાયર ફાટર દ્વારા આગ બુઝાવવાની કાર્યવાહીઃ દુકાનદારો વિહ્વળ

સુરતની કાપડ બજારમાં ભીષણ આગથી ૮૫૦ દુકાન ખાખઃ ૫૦૦ કરોડનું નુકસાન

સુરત તા. ૨૭ઃ સુરતના શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટમાં લાગેલી આગ પર મહા મહેનતે કાબૂ મેળવવામાં આવ્યો છે. આ ભીષણ આગમાં ૮૫૦થી વધુ દુકાનો બળીને ખાખ થઈ ગઈ છે. ગુંગળામણથી એક વ્યકિતનો જીવ પણ ગયો છે.

સુરતના શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટના બેઝમેન્ટમાં મંગળવારે આગ લાગી હતી, જેમાં એક વ્યકિતનું મોત નિપજ્યું હતું. ત્યારબાદ સવારે ફરી આગ ભભૂકી ઉઠી હતી. જે પાંચમાં માળ સુધી ભભૂકી હતી પહેલા અને બીજા માળની આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો પછી ત્રીજા માળે પણ આગ કાબૂમાં આવી ગઈ હોવાના અહેવાલો છે.

મોડી રાત્રે આગનું ભયાનક દ્રશ્યો ડ્રોન કેમેરા દ્વારા લેવાયા હતા. વેપારીઓને આજે વેપારીઓને આજે બજાર વિસ્તારમાં ન જવા અપીલ કરવામાં આવી છે.

મેયર અને અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે હાજર હતા. કુલ નુકસાન રૂા. ૫૦૦ કરોડથી વધુ થવાની શકયતા છે. બજારમાં ૮૫૦ થી વધુ દુકાનો બળીને રાખ થઈ ગઈ છે. દુકાનો સળગતી જોઈને વેપારીઓ આંસુ વહાવતા જોવા મળ્યા. બુધવારે સવારે લગભગ ૭ વાગ્યે બજારમાં આગ લાગી હતી.

ચીફ ફાયર ઓફિસર બસંત કુમાર પરીખે જણાવ્યું હતું કે અંદરનું તાપમાન ખૂબ વધારે છે. કારણ કે ત્યાં ઘણો સામાન રાખવામાં આવ્યો હતો. બુધવારે સવારે ૮ વાગ્યાની આસપાસ અમને પહેલો ફોન આવ્યો. અમને ઈમારતના માળખાની સ્થિરતા વિશે ખાતરી નથી. અમે હાઈડ્રોલિક પ્લેટફોર્મનો ઉપયોગ કરીને બહારથી આગ ઓલવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. લગભગ ૫૦% દુકાનોમાં આગ લાગી ગઈ છે.

નોંધનિય છે કે, સુરત એક મોટું ઔદ્યોગિક શહેર છે. અહીં લાખો કામદારો નાની કંપનીઓમાં કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આ આગને કારણે તેમના આજીવિકાને ગંભીર નુકસાન થયું છે. આગને કારણે વેપારીઓ તેમજ મજૂરોને મોટું નુકસાન સહન કરવું પડી શકે છે. હાલ લગ્નની સિઝન ચાલી રહી છે જેને કારણે સુરત કાપડ વેપારના વેપારીઓ દ્વારા મોટા પ્રમાણમાં વિવિધ કાપડના જથ્થાનો સ્ટોક કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ૪૦ કરતા વધુ ગાડીઓ છેલ્લા ૨૪ કલાકથી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહી હતી. દિવસ દરમિયાન આગને કારણે હિટ થયેલા બિલ્ડીંગમાં રાત્રિ દરમિયાન ફાયર વિભાગના કર્મચારીઓ જીવના જોખમે કામ કરીને હાઈડ્રોલિક પ્લેટફોર્મની મદદથી મોડી રાત્રે માર્કેટને ચારે દિશામાંથી પાણીનો મારો કરી આગને બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો.

૩૦ કલાક પછી આગ કાબૂમાં

વેપારીઓ દ્વારા આજનો દિવસ માર્કેટ બંધ રાખવા માટેનું એલાન પણ કરવામાં આવ્યું છે. આ આગને કારણે વેપારીઓને કરોડોનું નુકસાન થયું છે. ત્યારે આ વેપારીઓ મોડી રાત્રે માર્કેટની બહાર બેસીને રડતા પણ જોવા મળ્યા હતા. આજે વહેલી સવારે પણ આગ બેકાબૂ જોવા મળી હતી. પરંતુ બપોર સુધીમાં કાબુમાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

અહેવાલો મુજબ સુરતના શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટના બેઝમેન્ટમાં આવેલી ચારથી પાંચ દુકાનોમાં પહેલા આગ પ્રસરી હતી. ઘટનાને પગલે ૨૦થી વધુ ફાયર વિભાગની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આ ઘટનામાં ધુમાડામાં ગુંગળામણના લીધે એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

દસ માર્ચથી ચોથી એપ્રિલ સુધી સંસદ મળવાની છે ત્યારે

વકફ સંશોધન બિલને મોદી કેબિનેટની મંજૂરીઃ બજેટસત્રમાં થઈ શકે છે રજૂ

નવી દિલ્હી તા. ૨૭ઃ આજે મોદી કેબિનેટે વકફ સુધારા બિલને મંજૂરી આપી હોવાની સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જેપીસી રિપોર્ટના આધારે તેને લીલી ઝંડી આપવામાં આવી છે. તેને સંસદના બજેટ સત્રના બીજા ભાગમાં રજૂ કરવામાં આવી શકે છે.

કેન્દ્રિય કેબિનેટ દ્વારા સંશોધન બિલને મંજૂરી આપવામાં આવી છે. સંસદમાં બજેટ સત્રના બીજા ચરણમાં આ બિલ રજૂ કરવામાં આવે તેવી શકયતા છે. સંસદમાં બજેટનું સત્ર ૧૦મી માર્ચથી ચોથી એપ્રિલ સુધી ચાલશે.

નોંધનીય છે કે અગાઉ ૧૩મી ફેબ્રુઆરીએ વકફ બિલ મુદ્દે સંસદીય સમિતિનો રિપોર્ટ સંસદમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટના આધારે જ બિલનો નવો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે, જેને આજે મોદી કેબિનેટે મંજૂરી આપી છે.

ઉલ્લેખનિય છે કે, વકફ સંશોધન બિલને ૧૯ ફેબ્રુઆરીના યોજાયેલી કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. હવે સુધારાઓના આધારે બિલને મંજૂરી આપવામાં આવી છે. વકફ બિલ સૌપ્રથમ ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ વિપક્ષના વિરોધને કારણે તેને સંસદીય સમિતિમાં મોકલવામાં આવ્યું. પાછળથી કેટલાક સુધારાઓ પછી, જગદંબિકા પાલના નેતૃત્વ હેઠળની આ સમિતિએ સરકારને અહેવાલ સુપરત કર્યો. ત્યારબાદ ૧૩મી ફેબ્રુઆરીએ, વકફ બિલ પર સંસદીય સમિતિનો અહેવાલ સંસદમાં રજૂ કરવામાં આવ્યો. સમિતિના અહેવાલના આધારે, વકફ બિલનો નવો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. હવે આ બિલને મોદી કેબિનેટે મંજૂરી આપી દીધી છે. આ બિલ બજેટ સત્રના બીજા ભાગમાં રજૂ કરી શકાય છે. બજેટ સત્રનો બીજો ભાગ ૧૦મી માર્ચથી ચોથી એપ્રિલ સુધી ચાલશે.

કેબિનેટે આ પહેલા ૧૯ ફેબ્રુ.ના મંજુરી આપી હતી અને હવે સુધારેલા ડ્રાફ્ટ પર મહોર લાગી છે

જેપીસી (સંયુક્ત સંસદીય સમિતિ)એ ૨૯મી જાન્યુઆરીએ વકફ બિલમાં નવાં ફેરફારો અંગેના રિપોર્ટને મંજૂરી આપી હતી. જેમાં પક્ષમાં ૧૫ અને વિરોધમાં ૧૪ મત પડ્યા હતા. ભાજપના સાંસદો દ્વારા આપવામાં આવેલા ફેરફારોનો રિપોર્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વિપક્ષી સાંસદોએ અસંમતિ નોંધ રજૂ કરી હતી, અને તેને વકફ બોર્ડને નાબૂદ કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

વકફ બિલ અંગે વિપક્ષે અનેક વાંધાઓ ઉઠાવ્યા હતા. આ ઉપરાંત વકફ બાય યુઝર જોગવાઈને દૂર કરવાના પ્રસ્તાવનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો.

યુએનમાં ભારતીય પ્રતિનિધિએ આપ્યો જડબાતોડ જવાબ

વિદેશી સખાવતો પર નભતા પાકિસ્તાનને કાશ્મીરની વાત કરવાનો હક્કજ નથીઃ ભારત

જીનીવા તા. ૨૭ : પાકિસ્તાને યુએનમાં કાશ્મીરની વાત કરતા ભારતીય પ્રતિનિધિએ પાકિસ્તાનને આડે હાથ લીધુ હતું અને જડબાતોડ જવાબ આપ્યો હતો.

ભારતે ફરી એકવાર પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખુલ્લુ પાડયું છે. જિનીવા બેઠકમાં તેમણે કાશ્મીરનો ઉલ્લેખ કરતા જ ભારતે હાથ ખંખેરી લીધા હતા અને કાશ્મીર પરની ટિપ્પણી બદલ પાકિસ્તાનને સખત ઠપકો આપ્યો હતો. ભારતે કહ્યું કે, 'પાકિસ્તાન એક નિષ્ફળ દેશ છે. તે આંતરરાષ્ટ્રીય દાન (દાન) પર જીવે છે.'

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના પટમાં સત્રની સાતમી બેઠકમાં ભારતે પાકિસ્તાનને આડે હાથ લીધું હતું. ભારતે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય મદદ પર નિર્ભર એક નિષ્ફળ રાજ્ય ગણાવ્યું હતું. ભારતીય રાજદ્વારીએ કહ્યું કે, 'છેલ્લા કેટલાક વર્ષોમાં જમ્મુ અને કાશ્મીરમાં અભૂતપૂર્વ રાજકીય, સામાજિક અને આર્થિક પ્રગતિ જ ત્યાંની સ્થિતિ વિશે ઘણું બોલે છે. પાકિસ્તાનના નેતાઓ તેમના સૈન્ય-આતંકવાદી સંકુલમાંથી જૂઠાણું ફેલાવવાનું ચાલુ રાખે તેમાં કોઈ આશ્ચર્ય નથી.'

પાકિસ્તાનના માનવાધિકાર મંત્રી આઝમ

અનુસંધાન પૃષ્ઠ (૪) પર